# ધાનેરામાં પૂરને ૫૦ દિવસ કરતા વધુનો સમય વીતી ગયો છતાં પણ

# અંબિકા શોપિંગના ગોડાઉનો કોવાયેલા અનાજથી ભરેલા છે

**ધાનેરાનું સ્થાનિક તંત્ર ગોડાઉન ખાલી કરાવે નહીંતર ધાનેરામાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત : દુર્ગંધથી કંટાળેલા વેપારીઓએ ગોડાઉ ખાલી કરવા માટે ધાનેરા પાલિકાને લેખિત રજૂઆત કરી**

ધાનેરા માં આવેલા ભયાનક પૂર ને આજે ૫૦ દિવસ કરતા વધુ નો સમય વીતી ગયો છે છતાં પણ ધાનેરા ની અંબિકા શોપિંગ માં આવેલા ગોડાઉન આજે પણ કોવાયેલા અનાજ થી ભરેલા છે ત્યારે આજુ બાજુ ના વેપારીઓ ધ્વરા આજે આ ગોડાઉન ખાલી કરાવવા માટે ધાનેરા પાલિકા ને લેખિત રજૂઆત કરી છે તો બીજી તરફ એવું પણ જાણવા મળ્યું છે કે વેપારી ધ્વરા આ કોવાયેલું અનાજ સારા અનાજ માં ભેળવી ગામડા ની ગરીબ અને ભોળી પ્રજા ને છેતરી રહ્યા છે.

ધાનેરા નું અંબિકા શોપિંગ સેન્ટર પૂર ના પાણી માં ગરકાવ થયું હતું અને તે વાત ને આજે ૫૦ દિવસ કરતા વધુ નો સમય વીતી ગયો છે ત્યારે કેટલાક વેપારીઓ ધ્વરા હજુ પણ ગોડાઉન ખાલી કરવામાં નથી આવ્યા ત્યારે ગોડાઉન પડેલ તમામ સમાન કોવાઈ જવા પામ્યો છે જેને લઈ આજી બાજુ ના વેપારીઓ ને ભારે દુર્ગંધ નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આજે વેપારીઓ ધ્વરા ધાનેરા નગર પાલિકા લેખિત રજૂઆત કરી આ ગોડાઉન ખાલી કરાવવા માટે ની માંગણી કારીઓ હતી તો બીજી તરફ એક વેપારી એ જણાવ્યું હતું જે વેપારી ના ગુડાઉન આજે પણ ભરેલા પડ્યા છે તે તમામ વેપારીઓએ સરકાર પાસેથી સહાય લઈ લીધી છે અને હજુ સુધી ગોડાઉન ખાલી નથી કર્યા અને કેટલાક વેપારીઓ તો આ કોવઈ ગયેલો માલ સારા માલ માં ભેળવી ગામડા ની ગરીબ અને ભોળી પ્રજા ને પધરાવી રહ્યા છે ત્યારે આ બાબતે અમારી ટિમ ધ્વરા ધાનેરા મામલતદાર ને જાણ કરતા ધાનેરા મામલતદારે જણાવ્યું હતું કે હું તાત્કાલિક આ બાબતે ખાતરી કરી ગોડાઉન ખાલી કરવાની નોટિસ આપું છું જો આ ગોડાઉન તાત્કાલિક ખાલી ન કરવામાં આવે તો ભારે રોગચાળો ફાટી નીકળે તો કોઈ નવાઈ ની વાત ન કહેવાય માટે ધાનેરા નું સ્થાનિક તંત્ર આ બાબતે જાગૃત બને અને તાત્કાલિક ગોડાઉન ખાલી કરાવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.





## ધાનેરા તાલુકાના નેનાવા ગામે કેશડોલમાં લાખોનું ખુલતું કૌભાંડ

### ૮૮૫૦ લખવામાં આવ્યા મળ્યા ૫૪૦૦ આ કેવો ન્યાય ?!

ધાનેરા તાલુકાનાં નેનાવામાં ૨૪.૭.૨૦૧૭નાં રોજ પુર આવતાં લોકોના ઘર અને સામગ્રી તેમજ અન્ય જાનહાની થયેલ જેનાં કારણે નરેન્દ્ર મોદી સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા કેશડોલ વહેંચવાનું આયોજન કરેલ દરેક વ્યકિત દિઠ ૬૦૦ અને ૧૮ વર્ષથી નાના માટે ૪૫૦ નક્કી કરતાં આ વહેચણીમાં લાખો-કરોડો રૂપિયાનું કૌભાંડ થવાનાં અહેવાલો બહાર આવ્યા છે.

ધાનેરા તાલુકાના અન્ય ગામોમાં નેનાવા ગામે પણ મોટું કૌભાંડ બહાર આવ્યુ છે. અમોએ જાત માહિતી રૂબરૂ મુલાકાત થતાં જાણવા મળેલછે કે દરેક પુરગ્રસ્ત વ્યકિતઓનાં રેશનકાર્ડમાં પુરતી રકમો લખાઈ છે ત્યારે ખરેખર દરેક કાર્ડ દિઠ ૨ થી ૩ હજાર રૂપિયા ઓછા આપવામાં આવેલ છે.

આ બાબતે વ્યકિતએ અધિકારીને પુછતાં જણાવેલ છે કે આમાંથી સરકારનાં અમુક પૈસા કાપવામાં આવ્યા છે. આમ બહાનાં બતાવી લાખો રૂપિયાનાં કૌભાંડો સામે આવ્યા છે. આ બાબતે ટી.ડી.ઓ. તથા કલેક્ટરશ્રી તપાસ કરે અને આવી ગોલમાલ કરતાં વ્યકિતઓ પર કાયદેસરની કાર્યવાહી થાય અને ૪૨૦ કરતાં સરપંચ તલાટી પર કાર્યવાહી કરી લોકોને ન્યાય મળે તેવી લોકો ની માંગ છે.



**શામળાજી દેવની મોરી પાસે બૌદ્ધ ધર્મના ૧૫૦થી વધુ સંતો દ્વારા પૂજન અર્ચન**

બૌદ્ધ ધર્મના સંતો દ્વારા ૧૭ થી ૨૩ સપ્ટેમ્બર સુધી ગાંધીનગર ખાતે બીજી આંતરરાષ્ટ્રીય બૌધ્ધિષ્ટ કોન્ફરન્સ ચાલી રહી છે. જેમાં ચીન જાપાન સહીતના ૩૦૦ થી વધુ અલગ અલગ દેશના બૌદ્ધ સંતો તેમજ વિદેશી તેમજ ભારતીય ભક્તો ઉપસ્થિત રહ્યા છે. ત્યારે આ કોન્ફરન્સના ભાગરૂપે આજે અરવલ્લી જિલ્લાના યાત્રાધામ શામળાજી પાસે આવેલ દેવની મોરી પાસે કે જે સ્થાન પરથી મેશ્વો ડેમનું ખોદકામ ચાલતું હતું ત્યારે ભગવાન બુદ્ધના અવશેષો મળી આવ્યા હતા અને બૌદ્ધ સંતો અને પુરાતત્વ વિભાગે આ અવશેષો ભગવાન બુદ્ધના હોવાની ખરાઈ કરી હતી. તે સ્થાન પર ૧૫૦ થી વધુ બૌદ્ધ સંતોએ ઉપસ્થિત રહી પૂજા અર્ચના કરી હતી અને આ સ્થાનને બૌદ્ધ ધર્મનું યાત્રાધામ તરીકે વિકસાવવામાં આવશે તેમ ભારતીય બૌદ્ધ સંત સમાજના અધ્યક્ષે જણાવ્યું હતું અત્રે એ ઉલ્લેખનીય છે કે આ સ્થાનને ભારત સરકાર અને જાપાન સરકારના સંયુક્ત ઉપક્રમે ૧૦૦૦ કરોડના ખર્ચે બૌદ્ધ વિહાર હેરિટેઝ તરીકે વિકસાવવાનું નક્કી કરેલ છે. આમ યાત્રાધામ શામળાજી પાસે આવેલ દેવની મોરી આગામી સમયમાં વિશાળ બૌદ્ધ યાત્રાધામ તરીકે વિકાસ પામશે.

## તલોદ નજીક રામપુરાના રહિશોની પ્રદૂષણ ઓકતી ફેક્ટરીઓ બંધ કરવા રજુઆત

**ફેક્ટરીઓના કેમીકલ્સ દ્વારા ઉભા પાકોને નુકશાન તેમજ ધૂમાડાઓથી આરોગ્યને પણ વ્યાપક ખતરો**

તલોદ નજીક રામપુરા વિસ્તારમાં આવેલી જીઆઈડીસીમાં કેટલીક કેમીકલ્સયુક્ત અનેક ફેક્ટરીઓ ધમધમતા ધૂમડાથી આજુબાજુના રહિશો અને ઉભા લીલાછમ પાકો બળીને ખાખ થઈ જતા આ વિસ્તારના ખેડૂતો પાયમાલ બની ગયા છે. અને આર્થિક દેવાદાર બની જતા આ લોકોમાં ઘેરો શોક વ્યાપ્યો છે. ચોવિસે કલાક ચાલતી આ ફેક્ટરીઓ કેમીકલ્સના દુર્ગંધથી અને કાળા ધૂમડાથી રહિશોના આરોગ્ય સાથે પણ ચેડા થઈ રહ્યા છે. રજુઆતો પછી પણ યોગ્ય નિકાલ ન આવતાં આખરે રહિશોએ રાજયના ઉચ્ચ સત્તાવાળાઓને લેખિતમાં અરજ કરી છે.

તલોદ રામપુરા નજીક આવેલી જીઆઈડીસીમાં ચાલતી ગેરકાયદેસર કેમીકલ્સ યુક્ત ફેક્ટરીઓ દ્વારા આ પ્રદૂષણ તેમજ પાણી પ્રદૂષણ મોટા પાયે કરવામાં આવે છે. જે અંગે આજુબાજુ રહેતા વસવાટીઓને અને ખેડૂતો દ્વારા આ ફેક્ટરી માલિકોને આ પ્રદૂષણ અટકાવવા વારંવાર વિનંતી કરી હતી. છતાં પણ સત્તાવાળાઓની સાંઠગાંઠથી ફેક્ટરી માલિકો વધારે લાપરવાહ બની રહેતા આ પ્રદૂષણ થકી લાખ્ખોની રકમના ઉભા પાકો નાશ થઈ જઈ રહ્યો છે તેમજ ઠેર ઠેર માદગીના ખાટલાથી રહિશોના આરોગ્ય પણ કથળી રહ્યા છે જેમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત શ્વાસોશ્વાસની ક્રિયાનો ભોગ બની રહ્યા છે. જે અંગે તલોદ પોલીસ મામલતદાર, જિલ્લા સત્તાવાળાઓને લેખિતમાં જાણ કરી આ જીવલેણ પ્રદૂષણ અટકાવવા માંગ કરી હતી.

રાજયકક્ષા તેમજ સ્થાનિક સત્તાવાળાઓને રામપુરાના રહિશોને કરેલ તાજેતરની અરજમાં જણાવ્યું છે કે તલોદ જીઆઈડીસીમાં આવેલ પ્લોટ નં. ૨૮૫, ૨૮૬, ૨૮૭, ૨૯૦, ૨૯૧, ૧૯૫, ૨૫૩, ૨૬૩, ૨૮૯, ૨૨૮ દ્વારા પ્રદૂષણ ફેલાવાઈ રહ્યું છે. જેના કારણે ખેત પેદાશો તેમજ આરોગ્ય અંગે ગંભીર ખતરો પેદા થઈ રહ્યો છે. આ અંગે યોગ્ય પગલા નહી લેવામાં આવે તો આ વિસ્તારના રહિશો ભુખ હડતાલ સાથે ધરણા યોજીશુ તેવું લેખિતમાં જાણ કરી ઉભી થનાર તમામ પરિસ્થિતિની જવાબદાર સત્તાવાળાઓને ગણાવ્યા હતા.

## પ્રાંતિજમાં સ્વાઈન ફલુ પોઝીટીવ કેસ મળ્યો

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાંથી સ્વાઈન ફલુનો એક કેસ પોજેટીવ મળી આવ્યો. જેમાં એક ૬૫ વર્ષની આધેડ મહિલાને સ્વાઈન ફલુ થતાં હિંમતનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

પ્રાંતિજમાં સ્વાઈન ફલુનો એક કેસ પોજેટીવ મળી આવ્યો છે. જેમાં નાનીભાગોળ, કુંભારવાસ ખાતે રહેતા અને સ્વર્ગસ્થ પ્રાંતિજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગોરધનભાઈ આત્મારામભાઈ પ્રજાપતિના પત્ની શાન્તાબેન ઉ. વર્ષ-૬૫ જેવોને સ્વાઈન ફલુ પોજેટીવ મળી આવતાં તેવોને હિંમતનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. ત્યારે હાલ તો આરોગ્ય વિભાગ ઉંઘતુ ઝડપાયું છે ત્યારે કુંભારવાસ ખાતે રહેતાં રહીશો તથા નગરજનો દ્વારા દવા સહિતનો છંટકાવ થાય તેવી માંગ ઉઠવા પામી છે.



બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા શહેરમાં ગુજરાત રાજ્ય મકાન અને અન્ય બાંધકામ શ્રમ યોગી કલ્યાણ બોર્ડ દ્વારા ડીસા ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની બાજુમાં પાંચ હજારથી વધુ બેરોજગાર યુવકો યુવતીઓના ધંધા રોજગાર માટેના ફોર્મ ભરાવી એક દિવસના તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં હાજર રહીને તાલીમ લેનાર યુવક-યુવતીઓને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય પણ મંજુર કરી છે,

## ઊંઝામાં નજીવી બાબતે પોલીસ ચોકી પર પથ્થરમારો થતા અફડાતફડી

ઊંઝા, તા. ૨૦

ગઈકાલે ઊંઝા ખાતે હાઈવે પોલીસ ચોકી પાસે બાઈકસવારો અને ટ્રાફિક બ્રિગેડના જવાનો સાથે થયેલ બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતાં ઉશ્કેરાયેલ ટોળાએ પોલીસ પર હૂમલો કર્યો હતો તેમજ ચોકી પર પથ્થરમારો કરીને નુકશાન પહોંચાડ્યું હોવાનો ચોંકાવનારો બનાવ બનતા ભારે અફડાતફડી સાથે સનસનાટી મચી જવા પામી હતી.

વિગત એવી છે કે ઊંઝા ખાતે એસ.ટી. બસ સ્ટેશન આગળ હાઈવે પોલીસ ચોકી આવેલ છે. ગઈકાલે સાંજના સમયે વાહન ચેકિંગ દરમિયાન ચોકીના ટ્રાફિક બ્રિગેડના જવાનોએ અહીંથી પસાર થતા એક બાઈકચાલકને થોભાવ્યો હતો. જેથી બંને વચ્ચે કોઈ બાબતે બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી અને મામલો તંગ બનતા ઉશ્કેરાયેલ બાઈકસવારો સહિત પંદર જેટલા માણસોના ટોળાએ એક સંપ થઈ ગેરકાયદે મંડળી રચી પોલીસ ચોકી પર પથ્થરમારો કર્યો છે. તેમજ ટીઆરબીના જવાનને મારી નાંખવાના ઈરાદે ગળુ દબાવ્યું હતું. પથ્થરમારાથી ચોકીની બાકીના કાચ તુટી ગયા હતા.

દરમિયાન સ્થાનિક પોલીસ મથકે આની જાણ થતાં પોલીસ દોડી આવી હતી અને ટોળાને વિખેરી નાંખ્યુ હતુ. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. આ બનાવ અંગે ઊંઝા હાઈવે પોલીસ ચોકી પર ફરજ બજાવતા એ.એસ.આઈ. પૂનમખાન હાથીખાને સ્થાનિક પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પરમાર અલ્પેશભાઈ ગોવાભાઈ રહે. સરવા, તા. જી. પાટણ, પરમાર પ્રકાશભાઈ ભગવાનભાઈ રહે. ચાટાવાડા, તા. સિદ્ધપુર બે અજાણી મહિલાઓ તથા અન્ય ૧૧ જેટલા અજાણ્યા ઈસમો વિરૂદ્ધ હુલ્લડ, પથ્થરમારો, હત્યાની કોશિષ, પોલીસ પર હૂમલો, મારામારી તેમજ જાહેર મિલકતને નુકશાન પહોંચાડવા અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કંપની સમાચાર

### યુવાનો માટે રોજગારીની તકો ખુલ્લી મુકવા જેબીએસ એકેડેમી દ્વારા લોજીસ્ટીક શિક્ષણમાં ઈનોવેશન

તાજેતરના અંદાજો મુજબ માત્ર ગુજરાતમાં વર્ષ ૨૦૨૨ સુધીમાં લોજીસ્ટીક ક્ષેત્રે કુશળ માનવબળની માંગ વધીને અંદાજે ૫ લાખ જેટલી થશે. ઈન્ટરનેશનલ ટ્રેડ અને લોજીસ્ટીક ઈન્ડસ્ટ્રી તથા મેરીટાઈમ ઈન્ડસ્ટ્રીઝ અંગે તાલિમ આપતી ગુજરાતની ટોચની કૌશલ્ય તાલિમની સંસ્થા જેબીએસ એકેડેમી પ્રાઈવેટ લિમિટેડ (JBSAPL)ના જણાવ્યા મુજબ આગામી દાયકામાં અંદાજે ૦.૧૦ થી ૦.૨૮ મિલિયન જેટલા માનવબળની તંગી રહેવાની અપેક્ષા છે.

આ પરિસ્થિતિમાં ઈન્સ્ટીટ્યુટે આ ક્ષેત્રોની કામગીરી અંગે ઉંડાણપૂર્વકની સમજ ધરાવતા ઉચ્ચ કૌશલ્ય ધરાવતા પ્રોફેશનલ્સ તૈયાર કરવાની તાકીદની જરૂરિયાત દર્શાવી છે. આ કારણે શિક્ષણના વર્તમાન મોડેલમાં પરિવર્તનની જરૂરિયાત ઉભી કરીને તેને જરૂરિયાત આધારિત અને ટ્રેડની માંગ અનુસાર સુગમ બનાવવાની જરૂરિયાત ઉભી થઈ છે.

JBSAPLના અભ્યાસક્રમને કૌશલ્ય વિકાસના લક્ષિત અભિગમથી તૈયાર કરાયો છે, જે ગતિશીલ ઉદ્યોગની વિવિધ પ્રકારની જરૂરિયાતો ઉભી કરશે. ઈન્સ્ટીટ્યુટના મેનેજમેન્ટના સભ્યોએ સેલ્ફ સ્ટડીના વિકલ્પ, ઓડિયો વિઝ્યુઅલ, વિશ્વસ્તરની લાયબ્રેરી અને સર્વગ્રાહી તાલિમ માટે માળખાગત સુવિધાઓ ધરાવતી નિષ્ણાંત ફેકલ્ટીની આગેવાની હેઠળ આનુશાંગિક પ્રોગ્રામની વિસ્તૃત યાદી તૈયાર કરી છે.

### ડબ્લ્યુઆઈએએ કચ્છમાં માર્ગ સલામતીની સંસ્થા શરૂ કરશે

ડબ્લ્યુઆઈએએ માર્ગ સલામતીનું શિક્ષણ અને તાલીમના ક્ષેત્રનું મોટામાં મોટા ઓટોમોબાઈલ એસોસિયેશન છે. એસોસિયેશન તેના સભ્યોને લર્નિંગ લાઈસન્સ આપવા ઉપરાંત જાહેર જનતાના સભ્યને લાઈસન્સ ઈશ્યૂ કરવા જેવી આરટીઓની જુદી જુદી સેવાઓ પુરી પાડે છે. તદઉપરાંત સલામત અને સંરક્ષણાત્મક ડ્રાઈવિંગ, જોખમી માલસામાનને પ્રમાણિત કરવાની અને તે માટેની તાલીમ આપવાની, મોટરવાહન ચલાવનારાઓને કાનૂની સલાહ આપવાની સેવાઓ પણ ડબ્લ્યુઆઈએએ પુરી પાડે છે. વિશ્વના અન્ય દેશોમાંની આ પ્રકારની સંસ્થાઓના સંપર્કમાં પણ ડબ્લ્યુઆઈએએ છે.

ડબ્લ્યુઆઈએએ ઓટોમોબાઈલ એસોસિયેશન અને વિશ્વભરની ક્લબ્સ સાથે વળતી સેવાઓ મેળવવાની ગોઠવણ પણ ધરાવે છે. મોટર વાહન ચલાવવાને લગતા પ્રશ્નો અંગે ભારતની એક મોટી સક્ષમ સત્તા તરીકે પણ આ એસોસિયેશન જાણીતું છે. સરકારમાં અને ઉદ્યોગ સમુહના અન્ય ક્ષેત્રમાં આ એસોસિયેશન તેમના હિતોનું રક્ષણ કરવા માટે રજૂઆત કર્યા કરે છે. ટ્રાન્સપોર્ટના સત્તાવાળાઓ અને ડબ્લ્યુઆઈએએ વચ્ચે કચ્છમાં માર્ગ સલામતીની સંસ્થાની સ્થાપના કરવા માટેના કરારો થયા છે. આ કરાર ૧૮મી સપ્ટેમ્બર ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ-૨માં ત્રીજે માળે આવેલી પરિવહન મંત્રીની ચેમ્બરમાં ૨.૩૦ કલાકે કરવામાં આવ્યા હતા.

વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિયેશનના એક્ઝિક્યુટિવ ચેરમેન નીતિન ડોસા, ગુજરાતના પરિવહન મંત્રી વલ્લભ કાકડિયા, આઈએએસ અધિકારી વિપુલ મિત્રા, ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી અમૃતભાઈ પરમાર અને કોફિયાના મેનેજિંગ ડિરેક્ટર નિમિષ કટકેએ સોમવારે આ સમજૂતી પત્ર પર સહીસિક્કા કર્યા હતા. કચ્છમાં હેવી વેહિકલની સંખ્યાઓ સૌથી વધુ છે અને કચ્છમાં માર્ગ અકસ્માતો પણ વધુ થતાં હોવાથી આ કરાર-સમજૂતી કરીને ત્યાં સંસ્થાની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### કેડસીસ (ઈન્ડિયા) લિમિટેડનો આઈપીઓ રોજ ખુલશે

મોટે ભાગે યુએસ સ્થિત ગ્રાહકોને સેવા આપતી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એનેબલ્ડ સર્વિસીસ (આઈટીઈએસ)માં મોજૂદ, નફો કરતી કંપની હૈદરાબાદ સ્થિત કેડસીસ (ઈન્ડિયા) લિમિટેડ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ પર તેની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) ખોલશે. પબ્લિક ઈશ્યુ એકત્રિત રૂ. ૧૪૭૦ લાખના ઈક્વિટી શેર દીઠ રૂ. ૭૦ની કિંમતે રોકડ માટે પ્રત્યેકી રૂ. ૧૦ના ફેસ વેલ્યુના ૨૧,૦૦,૦૦૦ ઈક્વિટી શેરોનો રહેશે. આમાંથી ૧,૦૮,૦૦૦ શેરો માર્કેટ મેકર દ્વારા સબસ્ક્રિપ્શન માટે આરક્ષિત રહેશે. નેટ ઈશ્યુમાં કંપનીના ૨૬.૫૫ ટકા ફુલ્લી ડાઈલ્યુટેડ પોસ્ટ- ઈશ્યુ પેઈડ અપ ઈક્વિટી શેરમૂડીનો સમાવેશ રહેશે. શેરો એએસઈ ઈમર્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના એસએમઈ મંચ પર લિસ્ટેડ થશે. આઈપીઓ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ બંધ થશે. સેફરોન કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુની એકમાત્ર લીડ મેનેજર રહેશે.

ઈશ્યુની ચોખ્ખી પ્રાપ્તિઓ કંપની દ્વારા લેવામાં આવેલી લાંબા ગાળાની લોનની હિસ્સામાં ચુકવણી કે પૂર્વ-ચુકવણી સામે અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ઉપયોગ કરાશે.

કેડસીસ (ઈન્ડિયા) લિમિટેડની રચના ૧૯૯૨માં યુનાઈટેડ સ્ટેટ્સમાં હાજરી સાથે હૈદરાબાદમાં ડોમેન- કેન્દ્રિત જીઆઈએસ અને એન્જિનિયરિંગ બિઝનેસ ટેકનોલોજી સર્વિસ પ્રોવાઈડર તરીકે કરાઈ છે. તે મુખ્યત્વે જિયોસ્પાશિયલ માટે આઈટી અભિમુખ સેવાઓ, ફિલ્ડ એન્જિનિયરિંગ સર્વે, સોફ્ટવેર વિકાસ અને ટેલિકોમ, સીએટીવી, તેલ અને વાયુ, વીજ અને અન્ય યુટિલિટીઝ જેવા ડોમેન્સમાં એન્જિનિયરિંગ ડિઝાઈન સેવાઓ પૂરી પાડવામાં સંકળાયેલી છે. કેડસીસ (ઈન્ડિયા) લિમિટેડ તેના ગ્રાહકો માટે ઉત્તમ મૂલ્ય નિર્માણ કરવા માટે પ્રી-ફેબ્રિકેટેડ સોફ્ટવેર કમ્પોનન્ટ્સ અને ફ્રેમવર્કસમાં રોકાણ થકી વિભિન્ન વેપાર મોડેલનો લાભ લે છે. કંપનીએ આઈટી સેવાઓના સેગમેન્ટમાં ઉત્તમ સંતુલિત ખેલાડી તરીકે ઊભરી આવવા માટે વ્યૂહાત્મક હસ્તાંતરણ સાથે તેના સેવા પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું છે. આઈપીઓમાંથી પ્રાપ્તિ મહત્ત્વપૂર્ણ રીતે તેણે આ વ્યૂહાત્મક હસ્તાંતરણ માટે ભંડોળ પૂરું પાડવા લીધેલી લોનની પુનઃચુકવણી કે પૂર્વ- ચુકવણી કરવા માટે ઉપયોગ કરશે.

### એસબીઆઈ લાઇફ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ ૬૯ એન્કર ઇન્વેસ્ટર્સને ઇક્વિટી શેરદીઠ ૭૦૦નાં ભાવે ૩.૧૮ કરોડ ઇક્વિટી શેર ફાળવશે

એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ ("કંપની" અથવા "ઈશ્યુઅર")એ ૬૯ એન્કર ઈન્વેસ્ટર્સને ઈક્વિટી શેરદીઠ રૂ. ૭૦૦નાં ભાવે ૩.૧૮ કરોડ ઈક્વિટી શેર એમ કુલ કુલ રૂ. ૨,૨૨૬ કરોડનાં ઈક્વિટી શેરની ફાળવણી કરવાનો નિર્ણય કર્યો છે.

એન્કર ઈન્વેસ્ટર્સમાં સામેલ છે: એછડીએફસી મ્યુચ્યુઅલ ફંડ - ૭.૬૪%; કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ - મેનેજ બાય આઈએમ૨ - ૭.૦૫ %; આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ-૬.૭૪ %; ગવર્મેન્ટ ઓફ સિંગાપોર-૪.૯૦ %; આરન્ડા ઈન્વેસ્ટમેન્ટ પીટીઈ લિમિટેડ-૪.૩૮ %; પાયોનીયર ઈન્વેસ્ટમેન્ટ ફંડ-૩.૮૨ %; રિલાયન્સ મ્યુચ્યુઅલ ફંડ-૩.૮૨ %; બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડ-૩.૮૨ %; અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી-બીહેવ-૩.૩૨ %; એફઆઈએલ ઈન્વેસ્ટમેન્ટ્સ (મોરેશિયસ) લિમિટેડ-૩.૩૨ %; એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ-૩.૧૪ %; ડીએસપી બ્લેકરોક મ્યુચ્યુઅલ ફંડ-૩.૧૪ %; કોટક મ્યુચ્યુઅલ ફંડ-૩.૧૪ %; યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ-૩.૧૪ %; એચએસબીસી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ-ઈન્ડિયન ઈક્વિટી-૨.૪૭ %; વેલ્સ ફાર્ગો ઈર્મજિંગ માર્કેટ્સ ઈક્વિટી ફંડ-૨.૨૫ %; સુંદરમ મ્યુચ્યુઅલ ફંડ-૧.૮૦ %; મોનેટરી ઓથોરિટી ઓફ સિંગાપોર-૧.૭૧ %; રિલાયન્સ વેન્ચર્સ લિમિટેડ-૧.૫૭ %; બ્લેકરોક ગ્લોબલ એલોકેશન ફંડ ઈન્ક-૧.૪૧ %; કુવૈત ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી ફંડ ૨૨૫-૧.૩૫ %; બ્લેકરોક ગ્લોબલ ફંડ્સ એશિયન ડ્રેગન ફંડ-૧.૩૨ %; ઈસ્ટસ્પ્રિંગ ઈન્વેસ્ટમેન્ટ્સ ઈન્ડિયા બેલેન્સ્ડ ફંડ-૦.૯૦ %; ગ્રાન્ડીયર પીક ઈન્ટરનેશનલ સ્ટોલવોટ્ર્સ ફંડ-૦.૯૦ %; રોશડેલ ઈર્મજિંગ માર્કેટ્સ મોરેશિયસ-૦.૯ %; ઈન્ડસ ઈન્ડિયા ફંડ (મોરેશિયસ) લિમિટેડ-૦.૯ %; સેગન્ટિલ ઈન્ડિયા મોરેશિયસ (૦.૯ %); માઈરે એસેટ એશિયા સેક્ટર લીડર ઈક્વિટી ફંડ-૦.૯ %; બેરન ઈર્મજિંગ માર્કેટ્સ ફંડ-૦.૮૬ %; એચએસબીસી ઈન્ડિયન ઈક્વિટી મધર ફંડ-૦.૮૫ %; યુનિવર્સિટી ઓફ નોત્રે ડેમ દા લેક-૦.૭૬ %; જીએમઓ ઈર્મજિંગ ડોમેસ્ટિક ઓપોર્ચ્યુનિટીઝ ફંડ એ સીરિઝ ઓફ જીએમઓ ટ્રસ્ટ - ૦.૭૩ %; ટાટા મ્યુચ્યુઅલ ફંડ-૦.૭૨ %; એચએસબીસી મ્યુચ્યુઅલ ફંડ-૦.૭૨ %; આઈડીએફસી મ્યુચ્યુઅલ ફંડ-૦.૭૨ %; એલએન્ડટી મ્યુચ્યુઅલ ફંડ ટ્રસ્ટી લિમિટેડ એલએન્ડટી ઈક્વિટી ફંડ- ૦.૭૨ %; બરોડા પાયોનીયર ગ્રોથ ફંડ- ૦.૭૨ %; બ્લેકરોક ગ્લોબલ ફંડ્સ ગ્લોબલ એલોકેશન ફંડ-૦.૬૭ %; એફિન હવાંગ સિલેક્ટ એશિયા (એક્સ જાપાન) ઓપોર્ચ્યુનિટી ફંડ-૦.૬ %; વોશિંગ્ટન યુનિવર્સિટી-ચાણક્ય કેપિટલ પાર્ટનર્સ-૦.૫૮ %; બ્લેકરોક ગ્લોબલ ફંડ્સ વર્લ્ડ ફાઈનાન્સિયલ્સ ફંડ-૦.૫૪ %; બિરલા સન લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-૦.૫૨ %; એચડીએફસી સ્ટાન્ડર્ડ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-૦.૫૨ %; મેક્સ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ એકાઉન્ટ ULIFII ૦૦૧૨૫/૦૬/૦૪ લાઈફ ગ્રોથ ૧૦૪-ગ્રોથ ફંડ-૦.૫૨ %; શ્રીરામ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-પોલિસી હોલ્ડર્સ ફંડ-૦.૫૨ %; એક્સાઈડ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-પૂલ એકાઉન્ટ-૦.૫૨ %; રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-૦.૫૨ %; સ્ટાર યુનિયન દાઈ-ચી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-૦.૫૨ %; ગવર્મેન્ટ પેન્શન ફંડ ગ્લોબલ-૦.૪૮ %; પિક્ટેટ ઈન્ડિયન ઈક્વિટીઝ-૦.૪૭ %; રિટેલ એમ્પ્લોયીઝ સુપરએન્યુએશન પીટીવાય લિમિટેડ એઝ ટ્રસ્ટી ફોર રિટેલ એમ્પ્લોયીઝ સુપરએન્યુએશન ટ્રસ્ટ-૦.૪૫ %; આઈઆઈએફએલ સ્પેશ્યલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ-સીરિઝ ૪-૦.૪૫ %; સીઆઈ એશિયન ટાઈગર ફંડ-૦.૪૫ %; પિક્ટેટ એશિયન ઈક્વિટીઝ એક્સ જાપાન-૦.૪૩ %; બ્લેકરોક ગ્લોબલ એલોકેશન વી. આઈ. ફંડ ઓફ બ્લેકરોક વેરિએબલ સીરિઝ ફંડ્સ ઈન્ક -૦.૩૯ %; બ્લેક રોક ઈન્ડિયા ઈક્વિટીઝ (મોરેશિયસ) લિમિટેડ-૦.૩૬ %; યુનિસુપર લિમિટેડ એઝ ટ્રસ્ટી ઓફ યુનિસુપર-૦.૩૩ %; કુવૈત ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી ફંડ ૨૨૪- ૦.૩૯ %; એફિન હવાંગ સિલેક્ટ એશિયા પેસિફિક (એક્સ જાપાન) ડિવિડન્ડ ફંડ-૦.૨૯ %; બ્લેકરોક પેસિફિક ફંડ ઈન્ક-૦.૨૬ %; ધ માસ્ટર ટ્રસ્ટ બેંક ઓફ જાપાન લિમિટેડ એઝ ટ્રસ્ટી ઓફ બ્લેકરોક ઈન્ડિયા ઈક્વિટી ફંડ-૦.૨૫ %; બ્લેકરોક એશિયા ફંડ-૦.૨૫ %; બ્લેકરોક ગ્લોબલ ફંડ્સ પેસિફિક ઈક્વિટી ફંડ-૦.૨૫ %; રસેલ ઈન્વેસ્ટમેન્ટ કંપની II પીએલસી.-રસેલ ઈર્મજિંગ માર્કેટ્સ એક્ષ્ટેન્ડેડ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ-બ્લેકરોક એસેટ મેનેજમેન્ટ નોર્થ એશિયા લિમિટેડ- ૦.૨૪ %; ધ ઓરિજિનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ-૦.૨૨ %; જીપી ઈર્મજિંગ માર્કેટ્સ સ્ટ્રેટેજીસ એલપી- ૦.૨૨ %; મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીસ ૨-૦.૨૨ %; જીએમઓ ઈર્મજિંગ માર્કેટ્સ ફંડ, સીરિઝ ઓફ જીએમઓ ટ્રસ્ટ - ૦.૧૭ %; અને ડેસ્ટિનેશન્સ ઈન્ટરનેશનલ ઈક્વિટી ફંડ, એ સીરિઝ ઓફ બ્રિન્કર કેપિટલ ડેસ્ટિનેશન્સ ટ્રસ્ટ-૦.૦૪ %.